રસવંતા ને શુદ્ધ જીવનમાં, જ્ઞાનદીપ પ્રગટાવું, પ્રભુવર તારા પરની શ્રદ્ધા, પ્રતિપળ ઉજ્જવળ રાખું.

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૭૦ | ૭ ડીસેમ્બર, ૨૦૨૦, સોમવાર; કારતક વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ફાઇઝરની શરતી અરજી સામે ભારત નારાજ

**ફાઇઝરે ભારતમાં રસીનો ઉપયોગ કરવા માટે શરત સાથે અરજી કરી : દવાના લીધે સાઇડ ઇફેક્ટ થશે તો પીડિતોને વળતર આપવાનો ભાર તેની પર નહીં હોય, સરકાર પીડિતોને વળતર આપે અને ફાઇઝરની જવાબદારી નહીં : રશિયાના મોસ્કોમાં કોરોના રસીકરણ શરૂ**




નવી દિલ્હી,તા.૬
દવા નિર્માતા કંપની ફાઈઝરના ભારતીય યૂનિટ દ્વારા વિકસિત કરવામાં આવેલી કોરોના વાયરસની વેક્સીનના ઈમરજન્સી ઉપયોગની ઔપચારિક મંજૂરી માટે ડીસીજીઆઈમાં અરજી કરી છે. જોકે તેની સાથે જ ભારત સરકાર સામે એક શરત મૂકી છે. માનવામાં આવી રહ્યું છે કે આ શરતના કારણે ભારતમાં તેમની વેક્સીનના ઉપયોગનો પ્રયાસ નિષ્ફળ થઈ શકે છે. મૂળે, ફાઈઝરે ભારતમાં પોતાની કોરોના વેક્સીનના ઉપયોગને લઈ ભારત સરકારની સામે શરત મૂકી છે કે જો વેક્સીનના કારણે કોઈને ગંભીર સાઈડ ઈફેક્ટ થશે તો પીડિતોને વળતર આપવાનો ભાર તેની પર નહીં હોય. તેની માંગ છે કે ભારત સરકાર જ પીડિતોને વળતર આપે અને આવી સ્થિતિમાં ફાઈઝરની કોઈ પણ જવાબદારી નહીં હોય. જોકે ભારત સરકાર ફાઈઝરની આ શરતોને લઈ નાખુશ છે. નોંધનીય છે કે, ફાઈઝરને તેની કોવિડ-૧૯ વેક્સીનને બ્રિટન અને બહરીનમા મંજૂરી મળ્યા બાદ ભારતમાં ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી મેળવવા અરજી કરી છે. અધિકૃત્ર સૂત્રોએ જણાવ્યું કે દવા નિયામકને આપવામાં આવેલી અરજીમાં કંપનીએ વેક્સીનના આયાત અને વિતરણના સંબંધમાં મંજૂરી

● અનુસંધાન પાન-૭ પર

# કોરોના મહામારીથી વિશ્વમાં ગરીબ લોકોની સંખ્યા વધશે

**સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમની સ્ટડીમાં ચેતવણી આપી છે કે, ૨૦૩૦ સુધીમાં વિશ્વમાં અતિ ગરીબ લોકોની સંખ્યા ૧ અબજ કરતા વધી શકે છે**

નવી દિલ્હી,તા.૬
સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમની એક નવી સ્ટડીમાં સામે આવ્યું છે કે, કોવિડ-૧૯ મહામારીના લાંબાગાળાના ગંભીર પરિણામોને કારણે ૨૦૩૦ સુધીમાં વધુ ૨૦ કરોડ ૭૦ લાખ લોકો ગરીબીમાં ધકેલાઈ શકે છે. સાથે જ, જો આવું થયું તો દુનિયાભરમાં અતિ ગરીબ લોકોની સંખ્યા ૧ અબજ કરતા વધી જશે. સ્ટડીમાં કોવિડ-૧૯ સામે લડવા માટે જુદા-જુદા પરિદ્રશ્યોના કારણે સતત વિકાસના લક્ષ્યો પર પડનારી અસર અને મહામારીના કરાણે આગામી દાયકા સુધી પડનારા વ્યાપક



પ્રભાવોનું આંકલન કરાયું. આ સ્ટડી યુએનડીપી અને ડેનવર યુનિવર્સિટીમાં પારડી સેન્ટર ફોર ઈન્ટરનેશનલ ફ્યૂચર્સ'ની વચ્ચે લાંબા સમયથી ચાલતી ભાગીદારીનો ભાગ છે. સ્ટડી મુજબ, કોવિડ-૧૯ મહામારીના લાંબાગાળાના ગંભીર પરિણામોને પગલે વર્ષ ૨૦૩૦ સુધીમાં વધુ ૨૦ કરોડ ૭૦ લાખ ગરીબીમાં ધકેલાઈ શકે છે. જો એવું થયું તો દુનિયાભરમાં અતિ ગરીબ લોકોની સંખ્યા એક અબજને પાર થઈ જશે. વર્તમાન મૃત્યુ દર અને આંતરાષ્ટ્રીય મુદ્રા કોષના તાજેતરના વૃદ્ધિ દરના અનુમાનના આધાર પર 'બેઝલાઈન કોવિડ' પરિદ્રશ્ય એ હશે કે મહામારી પહેલા દુનિયા જે વિકાસ પથ પર હતી, તેની સરખામણીમાં વધુ ૪ કરોડ ૪૦ લાખ લોકો ૨૦૩૦ સુધી અતિ ગરીબીના ઝપેટમાં આવી જશે.

# જીડીપી ગ્રોથમાં ૨૦૨૧માં સુધારો થશે : નીતિ આયોગ

નવી દિલ્હી, તા. ૬
ભારતની અર્થવ્યવસ્થા આગામી નાણાકીય વર્ષના અંત સુધી કોરોના વાયરસ મહામારી પહેલાના સ્તર પર પહોંચી જશે. નીતિ આયોગના ઉપાધ્યક્ષ રાજીવ કુમારે રવિવારે આ વાત કહી છે. કુમારે કહ્યુ કે, હાલના નાણાકીય વર્ષમાં જીડીપીમાં ૮ ટકાથી ઓછો ઘટાડો રહેવાનું અનુમાન છે. મહત્વનું છે કે ભારતીય રિઝર્વ બેંક (ઈબૈ)એ પણ હાલના નાણાકીય વર્ષમાં આર્થિક વૃદ્ધિ દરમાં ઘટાડાના અનુમાનને ૯.૫ ટકાથી ઘટાડી ૭.૫ ટકા કરી દીધું છે.

નીતિ આયોગના ઉપાધ્યક્ષે કહ્યુ, 'આપણે ચોક્કસપણે આગામી નાણાકીય વર્ષ (૨૦૨૧-૨૨)ના અંત સુધી કોરોના વાયરસ મહામારીના પહેલાના સ્તર પર પહોંચી જશું.' તેમણે કહ્યું કે, હાલના નાણાકીય વર્ષમાં જીડીપીમાં આઠ ટકાનો ઘટાડો રહેવાનું અનુમાન છે. ઉલ્લેખનીય છે કે ભારતીય અર્થવ્યવસ્થા ચાલુ નાણાકીય વર્ષના સપ્ટેમ્બર ક્વાર્ટરમાં આસા કરતા વધુ રિકવર થઈ છે. વિનિર્માણ ગતિવિધિઓ વધવાનું તેમાં મહત્વનું યોગદાન રહ્યું છે.

**હાલના વર્ષમાં ૮ ટકાનો ઘટાડો રહેવાનું અનુમાન : આપણે ચોક્કસ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના અંત સુધી કોરોનાના પહેલાના સ્તર ઉપર પહોંચી જઇશું**

ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં અર્થવ્યવસ્થા ઘટીને ૭.૫ ટકા રહી. આ રીતે આગળ પણ અર્થવ્યવસ્થામાં રિકવરીની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. કુમારે સંપત્તિના મૌદ્રિકરણ પર ન્યૂઝ એજન્સી પીટીઆઈને જણાવ્યુ, 'આ કાર્ય હાલના સમયમાં જારી છે અને તેના પર ઉચ્ચસ્તરથી ધ્યાન આપવામાં આવી રહ્યું છે. અમે આ કામને જાળવી રાખીશું અને તે નક્કી કરશું કે સંપત્તિના મૌદ્રિકરણના લક્ષ્યને પ્રાપ્ત કરી શકાય.'

ચાલુ નાણાકીય વર્ષમાં સરકારે વિનિવેશના માધ્યમથી ૨.૧૦ લાખ કરોડ રૂપિયા ભેગા કરવાનું લક્ષ્ય રાખ્યું છે. તેમાં ૧.૨૦ લાખ કરોડ રૂપિયા કેન્દ્રીય જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં ભાગીદારીના વેચાણ અને ૯૦,૦૦૦ કરોડ રૂપિયા નાણાકીય સંસ્થામાં સરકારની ભાગીદારી વેચીને ભેગા કરવાની યોજના છે.

## છેલ્લે... છેલ્લે...

- કેન્દ્રએ ઓટીટી પ્લેટફોર્મના કન્ટેન્ટનો માહિતી-પ્રસારણની દેખરેખમાં સામેલ કર્યું.
- રાજકોટ હોસ્પિટલ અગ્નિકાંડમાં વધુ એક દર્દીનું કરૂણ મોત.
- ફાઈઝર વેક્સીને ભારત માટે પણ મંજૂરી માંગી
- ખેડૂત આંદોલનના ભારત બંધના એલાનને કોંગ્રેસનું સમર્થન.
- કુસ્તીબાજ વિજેન્દ્રસિંહે રાજીવ ગાંધી ખેલ રત્ન પરત આપવાની જાહેરાત કરી ખેડૂત આંદોલનને સમર્થન આપ્યુ.
- દ્વારકા પાસે ભારતની બે બોટ અને ૧૪ માછીમારોના પાકિસ્તાને અપહરણ કર્યા.
- ભારતે ટી-૨૦ મેચમાં ઓસ્ટ્રેલીયાને ૨-૦ થી પરાજય આપી સીરીઝ જીતી લીધી.
- ઈસ્લામિક મુવમેન્ટ હિન્દી મેંગેઝીનના એડીટર અબ્દુલા દાનિશની ધરપકડ.
- ગ્વાલિયરમાં માસ્ક ન પહેરનારને કોરોના પર નિબંધ લખવાની સજા
- દેશના ખૂણે-ખૂણે વેક્સિન પહોંચાડવા વાયુસેનાએ કમર કસી, ૧૦૦ એરક્રાફ્ટ તૈયાર
- ટ્વિટરમાં ટ્રમ્પના ફોલોઅર્સમાં ૨.૨૦ લાખનો ઘટાડો..!!
- દહેરાદૂનમાં લગ્નના બીજા જ દિવસે વર-વધુ કોરોના પોઝિટિવ આવ્યા
- એન્ટી વાયરલ ડ્રગ કોરોનાને સંપૂર્ણ ખતમ કરી શકે : વૈજ્ઞાનિક
- આઈએનએસ વિરાટ હવે અલંગમાં જ ભસ્મીભૂત થશે.

# ખેડૂતો આંદોલન માટે નોઈડાથી દિલ્હી તરફ કૂચ ઉપર નિકળ્યા

**ખેડૂતોને રોકવા માટે કાલિંદીકુંજમાં પોલીસ બળ તૈનાત : ડીએનડી અને કાલિંદી કુંજ પર અમારી ગાડીઓ ઉભી છે અને મોટી સંખ્યામાં ફોર્સ તૈનાત છે : ડીસીપી રાજેશ એસે**

નવી દિલ્હી,તા.૬
કેન્દ્રના ત્રણ નવા કૃષિ કાનૂનો સામે ખેડૂતોનું આંદોલન રવિવારે ૧૧માં દિવસે પણ યથાવત્ છે.



દિલ્હીની અલગ-અલગ સરહદો પર ધરણા આપી રહેલા ખેડૂતોને સમર્થન આપવા માટે ભારતીય કિસાન સંઘ લોક શક્તિના સભ્યોએ નોઈડામાં રાષ્ટ્રીય પ્રેરણા સ્થળથી દિલ્હી તરફથી કૂચ શરૂ કરી દીધી છે. આ ખેડૂતો કિસાન કાલિંદી કુંજના રસ્તે દિલ્હી તરફથી આગળ વધવાના છે. જેને જોતા ભારે સંખ્યામાં પોલીસ બળ તૈનાત કરીને બેરિકેડિંગ લગાવવામાં આવી છે. સાઉથ દિલ્હીના ડીસીપી રાજેશ એસે કહ્યું છે કે ડીએનડી અને કાલિંદી કુંજ પર અમારી ગાડીઓ ઉભી છે અને મોટી સંખ્યામાં ફોર્સ તૈનાત છે. જોકે અમે અપીલ કરીશું કે ખેડૂતો આગળ ન વધે. ભારતીય કિસાન યૂનિયનના બેનર નીચે દિલ્હી જઈ રહેલા ખેડૂતો ફરીદાબાદના અજરોંદા ચોક વસંત વાટિકામાં રાત્રી વિશ્રામ પછી દિલ્હી-ફરિદાબાદ બોર્ડર માટે નીકળ્યા હતા. જોકે ફરિદાબાદ પોલીસે તેમને બદરપુર ફ્લાયઓવર પહેલા જ રોકી દીધા હતા. આ પછી ખેડૂત નેતાઓએ ચેતવણી આપતા કહ્યું હતું કે તે પ્રશાસનની દરેક વાત માનતા પગપાળા ચાલી રહ્યા છે. જોકે પ્રશાસને તેમને કારણ વગર રોકી દીધા પણ તે કોઈપણ સ્થિતિમાં ફરિદાબાદ બોર્ડર જઈને રહેશે. કૃષિ રાજ્યમંત્રી કૈલાશ ચૌધરી વિપક્ષ પર ખેડૂતોને ઉશ્કેરવાનો આરોપ લગાવતા કહ્યું કે, એમએસપી આગળ પણ ચાલુ રહેશે, ખેડૂતોને કોઈની વાતમાં આવી જવાની જરૂર નથી. પીએમ મોદી જે કહે છે તેવું થાય છે. એમએસપી વિશે લેખિત પણ આપી શકીએ છીએ.




## પ્રથમ માસિક પુણ્યતિથિએ હૃદયાંજલિ



**સ્વ. પરસોત્તમભાઈ માધવલાલ પટેલ**

સ્વ. તા. ૭/૧૧/૨૦૨૦

આપ અમારા માટે એક વટવૃક્ષ હતા, જેની છત્રછાયામાં સમગ્ર પરિવાર સદાય સ્નેહપૂર્ણ અને નિઃસ્વાર્થ માર્ગદર્શન મેળવીને વિકસતો રહ્યો. આ માટે અમો સદાય ઋણી રહીશું. જે ગુણો પામવા સામાન્ય માનવીને ગ્રંથો અને સંતોનો સહારો લેવો પડે, એ ગુણ જેવા કે 'સંયમ, શિસ્ત પાલન અને સ્વાવલંબી આપના જીવનમાં છેલ્લા શ્વાસ સુધી હતા. આ વાતથી અમો સદાય પ્રેરિત થતા રહીશું.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

પટેલ બિપિનકુમાર જયંતીલાલ
પટેલ જ્યોત્સનાબેન બિપિનકુમાર
પટેલ અર્ચિત બિપિનકુમાર
પટેલ વિશ્મય બિપિનકુમાર
પટેલ જગદીશકુમાર મથુરદાસ
પટેલ કોકિલાબેન જગદીશકુમાર
પટેલ શ્વેતા અમિતકુમાર
પટેલ ધર્મેન્દ્ર જગદિશકુમાર

પટેલ પંકજકુમાર પરસોત્તમભાઈ
પટેલ ઉર્વીબેન પંકજકુમાર
પટેલ કૃપેશ પંકજકુમાર
પટેલ પૂર્વા કૃપેશ
પટેલ પરેશકુમાર પરસોત્તમભાઈ
પટેલ જીગીશા પરેશકુમાર
પટેલ હાર્દિક પરેશકુમાર
પટેલ આયુશી પરેશકુમાર

સ્વ. માધવલાલ હાથિદાસ પટેલ પરિવાર (ગોવિંદપુરાવાળા)